# સાચા સંતનો મહિમા

મહારાજે મુક્તાનંદ સ્વામીને પુછ્યું જે, 'અમે જે જે ધામમાં જાઇયે છઇયે ત્યાં તે તે ધામમાં તમારાં વખાણ થાય છે તે તમમાં એવી શી મોટપ છે જે સર્વે તમારાં વખાણ કરે છે ?' એમ કહીને બોલ્યા જે, 'આ તુંબડી ફુટી જાય તો સાજી કરતાં આવડે ?' ત્યારે મુક્તાનંદ સ્વામીયે કહ્યું જે, 'ના મહારાજ.' ત્યારે મહારાજે કહ્યું જે, 'તમે તમારી મોટપ ને જાણતાનથી.' એમ કહીને બોલ્યા જે, 'લ્યો અમેજ કહીયે.' એમ કહીને કહ્યું જે, 'આ પચાસ  કરોડ જોજન પૃથ્વી છે ને તેથી દશગણું જળ છે ને તેથી દશગણું તેજ છે ને તેથી દશ ગણો વાયુ છે ને તેથી દશ ગણો આકાશ છે ને તેથી દશ ગણો અહંકાર છે ને તેથી દશ ગણું મહતત્વ છે ને તેથી દશગણો પ્રધાન પુરુષ છે ને તેથી અનંતગણી પ્રકૃતિ ને પુરુષ છે ને તે પ્રકૃતિ પુરુષ થકી પર અક્ષરધામ છે ને તે ધામમાંથી લાખ મણ લોઢાનો ગોળો પડતો મુકીયે તે વાને લેરખે ઘસાતો ઘસાતો પૃથ્વી ઉપર આવે ત્યારે રજ ભેળો રજ થઇ જાય, એટલે છેટું છે. પણ જો આંહિ અલ્પ જેવો જીવ હોય ને તેને તમે એમ ધારો જે આ જીવ આઠ આવરણ પાર અક્ષરધામમાં જાય તો તત્કાળ જાય. જેમ જંતરડામાં ઘાલીને પાણો ફગાવી નાખે એવું તમારા કાંડાને વિષે બળ છે  પણ તેને તમે જાણતા નથી.' એમ કહીને કહ્યું જે, 'એવી મોટપ તમમાં આવી છે તેનું કારણ કહું તે તમે સાંભળો જે, સર્વ થકી પર જે અક્ષરધામ તેને વિષે વિરાજમાન એવા જે ભગવાન  તેનો તમારે સાક્ષાત્કાર સંબંધ છે.' એવી રીતે બહુ વાત કરી. ॥ ૩ ॥

શ્રીજી મહારાજે એક દિવસ આનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તથા સ્વરુપાનંદ સ્વામી એ ત્રણને પૂછ્યું જે, 'અમે તમને જે જે આજ્ઞા કરીએ જે આ પ્રવૃતિની  ક્રિયા કરો, ત્યારે કેમ કરો?' ત્યારે પ્રથમ આનંદ સ્વામીએ કહ્યું જે, 'જેમ તમે કહો તેમ કરીએ.' ત્યાર પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'હૃદયમાંથી એક વેંત વૃત્તિ બહાર કાઢું ત્યારે ક્રિયા થાય, ને તે વૃત્તિ એક વેંત બહાર કાઢી હોય તેને હાથ પાછી વાળું ત્યારે સુખ થાય.' ત્યારે સ્વરુપાનંદ સ્વામીને કહ્યું જે, 'તમે કેમ કરો?' ત્યારે તે બોલ્યા, 'જે જે ક્રિયા કરવા ને જોવા જાઉં, તો તે પદાર્થ ટળી જાય ને તમારી મૂર્તિજ દેખાય.' એ સર્વેને માન્યામાં આવતું નથી. ત્યારે સ્વરુપાનંદસ્વામી બોલ્યા જે, 'જેમ તીરમાં લીબુ ખોસ્યું હોય ને તે તીરને જેમનું કરીએ તેમનું તે તીરમાં  લીબુ દેખાય, તેમ વૃત્તિમાં ભગવાન રહ્યા છે ને તે વૃત્તિને જેમની કરીએ તેમની કોરે ભગવાન દેખાય છે.' પછી શ્રીજી મહારાજે કહ્યું જે, 'ત્રણેનાં અંગ જુદાં જુદાં જણાય છે. માટે આનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરવો, ને મુક્તાનંદ સ્વામીએ સ્વરુપાનંદ સ્વામીનો સમાગમ કરવો. એમ કરે તો એક બીજાની કસર ટળે.' એમ ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ ભેદ છે.

॥ ૭ ॥

ભગવાનમાં જોડાવું કાં સાધુમાં જોડાવું. ત્યારે પુછ્યું જે, 'ભગવાનમાં જોડાણો હોય તે કેમ જણાય?' પછી સ્વામી બોલ્યા જે, ભગવાનમાં જોડાણો હોય તેને ભગવાનનાં ચિન્હ, ચરિત્ર ને સ્વભાવિક ચેષ્ટા તે અહો રાત્રી કર્યા સાંભળ્યા વિના રહેવાય નહિ ને સાધુમાં જોડાણો હોય તેનાથી દર્શન, સેવા ને વાતો તે અહો રાત્રી કર્યા, સાંભળ્યા વિના રહેવાય નહિ ત્યારે જાણીયે જે સાધુમાં જોડાણો છે. અને વળી એમ વાત કરી જે જેટલો સાધુમાં જીવ બંધાણો છે તેટલો સત્સંગમાં છે ને જેટલો જીવ બંધાણો નથી તેટલો કુસંગ છે. ત્યારે પુછ્યું જે આવી રીતે સાધુમાં જીવ બંધાણો હોય તો પણ તે સત્સંગમાંથી નીકળી કેમ જાય છે ? પછી સ્વામી બોલ્યા જે એવી રીતે સાધુમાં જીવ બંધાણો નથી ને જો બંધાણો હોય તો જાય નહિ. જેમ આ લીમડો છે તે જે દિવસ અમે મંદિર કરતા હતા તે દિવસે બે વેંતનો હતો ને એક મનુષ્ય ઉપાડે એટલું જ બળ હતું ને આજ તો બધા ગામના મનુષ્ય ભેગાં થાય તો પણ ઉપડે નહિ. તેમ ઘણા દિવસ રહીને જેણે સત્સંગમાં જીવ બાંધ્યો હોય તો પંચ વિષય કે કામાદિક દોષનો પાડ્યો સત્સંગમાંથી પડે નહિ. એમ કહીને બોલ્યા જે,

॥ પ્રસંગ મજરંપાસ માત્મનઃ કવિયો વિદુઃ સ એવ સાધુ સુકૃતો મોક્ષદ્વારપમાવૃતમ્ ॥

એમ જે રહેવાય છે તેને મોક્ષનું દ્વાર ઉઘાડું છે ને એમ ન રહેવાય તો,

॥ મોક્ષમાર્ગ દીધાં કમાડ કડી જડી બારણે ॥

॥ ૪૨ ॥

અમદાવાદમાં સંતને દુષ્ટે કષ્ટ દીધું ત્યારે શ્રીજી મહારાજ કાંકરિયે તળાવે વિરાજમાન હતા. ત્યાં સંત આવ્યા તે સંતને શ્રીજી મહારાજ જોઇને એમ બોલ્યા જે, 'મારા પરમહંસ ની મોટા બ્રહ્માદિક દેવ, અક્ષરાદિક મુક્ત ને સર્વે અવતાર તે પ્રાર્થના કરે છે ને તેમનાં દર્શનને ઇચ્છે છે નેએક કીડી જેવા જીવને પણ દૂભે નહિ એવા જે સંત તેને દુઃખ દીધું.' એમ કહીને ઉત્તર મુખે  ઉદાસ થઇને બેઠા. તેટલામાં બ્રહ્માદિક દેવે જાણ્યું જે આજ તો સર્વ બ્રહ્માંડનો નાશ થઇ જાશે. એટલામાં મહાકાળ, સંકર્ષણ, શિવાદિક આવીને પ્રાર્થના કરવા લાગ્યા જે, 'હે મહારાજ ! તમે જેઆજ્ઞા કરો તે અમે તતકાળ કરીયે ને અમે તમારા સેવક છીયે તે તમારા સંતને કષ્ટ દેનારો કોણ છે ? તેનો ક્ષણ માત્રમાં નાશ કરી નાખીયે.' એમ તે મહા કાળાદિક બોલ્યા તે પછી દિવ્ય ચક્ષુવાળા સંત હતા તેમણે શ્રીજી મહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, 'હે મહારાજ ! હે સ્વામિન્!હે પ્રભો ! આજ તમે અગણિત જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે દયાયે કરીને અક્ષરધામમાંથી આંહી પૃથ્વી ઉપર પધાર્યા છો તે જીવોના અપરાધ ક્ષમા કરીને આત્યંતિક કલ્યાણકરો.' એવી સંતે પ્રાર્થના કરી પછી શ્રીજી મહારાજ સંત પ્રત્યે એમ બોલ્યા જે, 'અનંત કોટિ બ્રહ્માંડમાં સર્વે આપણું કર્યું થાય છે. તે જુઓ ને સર્વે અવતાર અમારે વિષે લીન થાય છે નેઆ સંતની સભાને અમે અક્ષરધામને વિષે દેખીયે છીયે ને આપણી વાત માને છે તેનું કલ્યાણ થાય છે ને જે નથી માનતા તે નરકમાં જાય છે ને અમારા શરીરમાં કાંઇ કસર જેવું થયું ત્યારે જગતમાં અનેક જીવનો નાશ થઇ ગયો ને જ્યારે આપણે ખટરસ ને વસ્ત્ર ત્યાગ કર્યા ને તાટ પેર્યા ત્યારે જગતમાં કોઇને અન્ન વસ્ત્ર મળ્યું નહિ ને સર્વે હેરાન થઇ ગયા. માટે સર્વે આપણું કર્યું થાય છે પણ બીજા કોઇનું કર્યું થાતું નથી. ને તમારા શરીરમાંથી કોટિ કોટિ સૂર્યના પ્રકાશથી અધિક પ્રકાશ નિસરે છે ને અતિ સામર્થ્યે યુક્ત છો ને તમારે માથે કાળ, કર્મ, માયાનો હુકમ  નથી, એમ હું તમને દેખું છું.' એમ શ્રીજી

મહારાજ બોલ્યા ત્યારે સર્વે સંત બોલ્યા જે, 'હે મહારાજ તમે તો સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ પૂર્ણ પુરુષોત્તમ છો માટે તમે દેખો એમાં શું ક્હેવું ને તમે તો દિવ્ય એવું જે અક્ષરધામ ને દિવ્ય એવા જે પાર્ષદ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય તેણે યુક્ત એવા અનાદિ, નિત્યસિદ્ધ, સર્વોપરિ, પૂર્ણ, અનવધિકાતિશય, કલ્યાણકારી, અનેકગુણે યુક્ત થકા એકાંતિક ભક્તને સુખ દેવાને અર્થે ને અગણિત જીવોનાં કલ્યાણ કરવાને અર્થે  કૃપા કરીને હરિપ્રસાદજીને ઘેર પ્રકટ્યા છો, ને તમારી કૃપા થકી અમે પણ પરાવરને હસ્તામળ દેખીયે છીયે ને ધર્મજ્ઞાનાદિક અનંત ગુણે યુક્ત થયા છીયે, માટે કોઇનો ભાર ગણતા નથી. નેતમારી મરજી ને રાજીપો હશે તેમ કરશું, અને અમારે આ લોકમાં ને પરલોકમાં તમ વિના બીજુંકાંઇ વહાલું નથી. તમે તો અમારા જીવન પ્રાણ છો ને તમને પ્રસન્ન કરવાને અર્થે તો અનંત જન્મ ધરીને માયિક સુખ ને ભુંડા સ્વભાવનો ત્યાગ કરી દઇયે. માટે હે સ્વામિન્, તમો અમારે દુઃખે કરીને ઉદાસી થાશોમાં. અમારે કશું દુઃખ નથી ને કોટિ સૂર્યના તેજ થકી કોટિગણું તેજ વૈકુંઠના મુક્તમાં છે ને તેથી કોટિગણું તેજ તે ગોલોકના મુક્તમાં છે ને તેથી અનંત કોટિગણું તેજતે અક્ષરના મુક્તના એક રોમને વિષે છે ને તેથી અનંત કોટિગણું તેજ તે અક્ષરધામની ભૂમિ તેમાંસોપારી રહે એટલા દેશના તેજમાં લીન થાય છે ને અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વેને ભેળો કરીને તો સર્વ અવતારના અવતારી જે હરિકૃષ્ણ પુરુષોત્તમ તેના એક રોમના કોટિમા ભાગના પાશંગની બરોબર નથી આવતાં. એવા દિવ્ય તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બળ, કીર્તિ, સ્વરોટ, સત્ય સંકલ્પ, એવા અનેક દિવ્ય ગુણે યુક્ત મૂર્તિ છો તો પણ કૃપા કરીને જીવનાં કલ્યાણ કરવાનેઅર્થે મનુષ્યાકૃતિ જણાઓ છો.' એવી રીતે સર્વે સંતે શ્રીજી મહારાજની પ્રાર્થના કરી. ॥ ૯ ॥